
વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણનાં

વસ્ત્ર-પરિધાન અને ફૂલોના શણગાર





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે.
જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.
ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી.
સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.
સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે.
ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે.
રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.
લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.
ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.
વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણનાં

વસ્ત્ર-પરિધાન અને ફૂલોના શણગાર

લેખક
સાધુ મુકુંદચરણદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA BHAGWAN SWAMINARAYANNA VASTRA PARIDHAN ANE FULONA SHANGAR (Gujarati Edition)

By Sadhu Mukundcharandas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-945-3

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂ. ૧૫-૦૦

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો. એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન

પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે. સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય મુકુંદચરણદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણની હયાતીમાં જ તેમની સર્વાવતારી પરમાત્મા તરીકે ઉપાસના કરતા ત્રણ હજાર પરમહંસો અને લાખો હરિભક્તોએ શ્રીહરિના પ્રત્યેક ચરિત્ર અને તેમના સંબંધમાં આવેલ ચરાચર સર્વત્રમાં દિવ્યતાનો અનુભવ કર્યો હતો. એટલે જ એમની હયાતીમાં જ ૨૦૦ વર્ષ પહેલાં એમનાં પરમાત્મા તરીકેનાં ચરિત્રો અને સ્વરૂપનાં હજારો પદો વિરક્ત પરમહંસ કવિઓએ રચ્યાં, એ સમર્થ પરમહંસ વિદ્વાનોએ શ્રીહરિના દિવ્ય જીવન અને અપરિમિત મહિમાનાં વિપુલ શાસ્ત્રો રચ્યાં, એટલું જ નહીં, શ્રીહરિના દિવ્ય શરીરનાં તલ જેવા નાના સરખા એક એક ચિન્હની દસ્તાવેજી નોંધ કરીને તેનું ધ્યાન ધર્યું, તેના પર અમર કીર્તનો રચ્યાં. ભગવાન સ્વામિનારાયણ જ્યાં જ્યાં બિરાજ્યા એ સ્થાનોને એમની હયાતીમાં જ તીર્થ તરીકે પૂજ્યાં, શ્રીહરિએ ધારણ કરેલાં વસ્ત્રો કે એમણે ઉપયોગમાં લીધેલા દાતણની ચીરીઓને પણ સંગ્રહીને તેનાં આદરપૂર્વક દર્શન કરતા રહ્યા.

૨૦૦ વર્ષ પછી આજે પણ એવા જ તાજગીભર્યા મહિમાથી સૌ શ્રીહરિનાં એ પ્રાસાદિક વસ્ત્રો અને પ્રાસાદિક વસ્તુઓનાં શ્રદ્ધાથી દર્શન કરીને શાંતિ પામે છે. વચનામૃત ગ્રંથનાં ઇતિહાસ-વર્ણનોને આધારે શ્રીહરિનાં વસ્ત્ર-પરિધાનની પ્રાસાદિક સ્મૃતિઓ પ્રસ્તુત છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

ભૂમિકા

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ ઉત્તર ભારતમાં અયોધ્યા પાસે છપૈયામાં ૩ એપ્રિલ, ૧૭૮૧ના રોજ અવતર્યા અને ૫ વર્ષની વય થતાં માતાપિતા સાથે અયોધ્યા ખાતે સ્થાયી થયા હતા. ૧૭૯૧માં ૧૧ વર્ષની ઉંમરે એમણે ગૃહત્યાગ કરી, બાળયોગી નીલકંઠપ્રભુ તરીકે સમગ્ર ભારતવર્ષનું પરિભ્રમણ કર્યું. ૨૧ ઑગસ્ટ, ૧૭૯૯ના રોજ સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે માંગરોળ નજીક લોજ ગામે પહોંચ્યા. એક વર્ષ પછી ૨૦ ઑક્ટોબર, ૧૮૦૦ના રોજ રામાનંદ સ્વામીએ પીપલાણામાં નીલકંઠવર્ણીને સહજાનંદ સ્વામી તરીકે દીક્ષિત કર્યા. એક જ વર્ષના ટૂંકાગાળામાં ૧૬ નવેમ્બર, ૧૮૦૧ના દિવસે જેતપુર મુકામે, રામાનંદ સ્વામીએ તેમને સંપ્રદાયની ધર્મધુરા સોંપી. આ એક ઐતિહાસિક પ્રસંગે તેમણે ગુરુ તરીકે ૨૦-૨૧ વર્ષીય યુવાન ભગવાન સ્વામિનારાયણને એવી આજ્ઞા કરી કે તમે સાક્ષાત્ પરમાત્મા છો, એટલે હરિભક્તો દ્વારા અપાયેલાં કે આપવામાં આવે તે બધાં જ વસ્ત્રો અને શણગાર ગ્રહણ કરવાં.

આથી જ ભગવાન સ્વામિનારાયણે સ્થાનિક લોકોનો જ શ્વેત પહેરવેશ ધારણ કરવો શરૂ કર્યો. મહદ્ અંશે અધોવસ્ત્ર તરીકે ધોતી અને ઉપર અંગરખું, કેડિયું, ડગલી કે ગાતરિયું એમની ઓળખ બની રહ્યાં. ગાતરિયું અને ધોતી તો સળંગ, સીવ્યા વગરનું કાપડ જ હતું. ત્યારે માથું ઢાંકવાનો રિવાજ હતો એટલે તેમણે એ સમયે સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રચલિત વિવિધ પ્રકારની પાઘ અને છટાદાર સાફો પણ ધારણ કર્યાં. આમ, આ સમકાલીન પ્રચલિત વેશભૂષા ધારણ કરનાર તેઓની મનોહર છબિ હરિભક્તોના હૈયે વસી ગઈ. ક્યારેક, ખાસ કરીને ઉત્સવોમાં હરિભક્તો દ્વારા ભેટ-સોગાદ રૂપે અપાયેલા ભારે ભરતકામવાળા

જરિયાન વાઘા પણ તેઓ ધારણ કરતા.

'શ્રીહરિલીલામૃત' ગ્રંથમાં ભગવાન સ્વામિનારાયણે સર્વપ્રથમ ભારે જરિયાન વસ્ત્રો સ્વીકાર્યાનો ઉલ્લેખ છે. સન ૧૮૦૭માં ધોરાજીમાં ઊજવાયેલા ફૂલદોલ ઉત્સવ પ્રસંગે સુરતના હરિભક્તોએ શ્રીહરિને ઉત્તમ વસ્ત્ર-અલંકાર ભેટ આપ્યાં હતાં અને તેઓએ તે ધારણ કર્યાં હતાં. એમણે જરિયાન જામો, સુરવાળ અને શિર ઉપર મુગટ સહિત અન્ય શૃંગાર પણ ધારણ કર્યો હતો. જુઓ કેટલીક પંક્તિઓ :

માવને શિર મુગટ ધરાવ્યો, હતો સુરતના સંઘે કરાવ્યો;
પે'લવે'લો એવો શણગાર, ધર્યો તે દિન ધર્મકુમાર.

(હરિલીલામૃત : ૬/૧૫/૫૯)

આવા અપવાદોને બાદ કરતાં, એમની પોતાની પસંદગી તો રોજિંદા વપરાશમાં આવતાં એવાં સાદાં શ્વેત વસ્ત્રો જ હતાં, જે એમનો વૈરાગ્ય, એમની સાદગી અને સાધુતા દર્શાવે છે.

એમનાં વિવિધ વસ્ત્ર-પરિધાનનો પરિચય વચનામૃતમાં પાને પાને મળે છે. વચનામૃત જો કે આધ્યાત્મિક ઉપદેશનો ગ્રંથ છે, પરંતુ આ ઉપદેશનું દસ્તાવેજી સંકલન કરનારા તેમના મહાન પરમહંસ શિષ્યોએ દરેક વચનામૃત-પ્રકરણના પ્રારંભમાં ભૂમિકા લખી છે, તેમાં તેઓના ઉપદેશ વેળાની ઝીણામાં ઝીણી વિગતો પણ નોંધી છે. આ ભૂમિકામાં ભગવાન સ્વામિનારાયણના વસ્ત્ર-પરિધાનની પણ વિગતો દસ્તાવેજી સ્વરૂપે નીરખવા મળે છે. વસ્ત્ર-પરિધાનનું પરમહંસોએ વર્ણવેલું મહિમાપૂર્ણ વર્ણન વાચકને શ્રીહરિના વિશિષ્ટ વ્યક્તિત્વની ઝાંખી કરાવે છે. આ ભૂમિકાઓ વાચકને ૨૦૦ વર્ષ પૂર્વેના સમયમાં લઈ જાય છે અને ૧૯મી સદીની શરૂઆતમાં ભગવાન સ્વામિનારાયણ વિશે, તેમની દિવ્યવાણી સાંભળવા આવતા દેશ-પરદેશના અનુયાયીઓ વિશે, એ સમયની જીવનચર્યા વિશે તાદૃશ માહિતગાર કરે છે. એટલું જ નહીં, એ સમયે ન હતી કાપડની મિલો કે ન હતાં સિલાઈ મશીનો, ત્યારે ફક્ત હાથ કારીગરીથી બનતા કાપડનું વૈવિધ્ય અને તેના પર હાથેથી જ થતાં બારીક ભરતકામની માહિતી પણ પ્રત્યેક વચનામૃતની ભૂમિકામાંથી મળે છે.


ઉપરાંત, તે સમયે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં થતા વિવિધ ફૂલછોડની પણ જાણકારી મળે છે. સૌરાષ્ટ્રમાં સામાન્ય ફૂલો જ મળતાં, જ્યારે મધ્ય ગુજરાતમાં એ સમયે ફૂલોમાં અનેરું વૈવિધ્ય જોવા મળે છે.

જ્યારે વાચક આ સમગ્ર માહિતીનું સંકલન કરતાં કરતાં વચનામૃત વાંચે, ત્યારે તેના ચંચળ ચિત્તને ભગવાન સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિનું સ્મરણ શાંત અને નિર્દોષ કરી દે છે. આમ પણ, કથાશ્રવણ કે ગ્રંથપાઠ કરતી વેળાએ મનને શાંત અને સ્થિર રાખવું જરૂરી છે, જેથી કથાનો મર્મ સમજી શકાય.

આવો, વચનામૃતની એ ભૂમિકાઓના આધારે ભગવાન શ્રી સ્વામિનારાયણના વસ્ત્ર-પરિધાનની કેટલીક વિગતોને માણીએ અને તેના દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મૂર્તિના સ્મરણમાં રમમાણ થઈએ...

વચનામૃતમાં શ્રીહરિનાં વિવિધ વસ્ત્ર-પરિધાન

વચનામૃતના પ્રત્યેક પ્રકરણની ભૂમિકામાં એટલે કે તેના પ્રથમ ફકરામાં શરીર ઉપર ધારણ કરવાનાં ખેસ, ધોતિયું, ડગલી, ચાદર, ચોફાળ, રજાઈ, પછેડી, શેલું, રેંટો, સુરવાળ અને અંગરખો તથા મસ્તક પર ધારણ કરવાનાં પાઘ, ફેંટો, બોકાની અને મોળિયું જેવા શણગારનો ઉલ્લેખ છે. તેનું પૃથક્કરણ નીચે મુજબ કરી શકાય.



- વચનામૃતમાં આપેલા ૨૭૩ દિવસોનાં વર્ણનોમાંથી શ્રીહરિએ ૧૬૧ વખત તો સર્વ શ્વેત વસ્ત્રો જ પહેર્યાં છે.
- ૬૬ વખત તેઓએ 'સફેદ ખેસ' અને ૭ વખત 'સફેદ સુરવાળ' ધારણ કર્યો છે.
- આમ, ૧૬૧ + ૬૬ + ૭ = ૨૩૪ વખત શ્વેત વસ્ત્ર-પરિધાન ધારણ કર્યાં છે.
- ૨૭૩ દિવસોનાં વર્ણનોમાંથી ફક્ત ૩૯ વખત જ શ્રીહરિએ રંગીન કે ભારે વસ્ત્રો ધારણ કર્યાં છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ધારણ કરેલાં એ વિવિધ વસ્ત્રોની હવે થોડીક છણાવટ કરીએ.

ખેસ

વચનામૃતમાં શ્રીહરિની દેહાકૃતિનાં વર્ણનોમાં વારંવાર તેમણે 'ખેસ' ધારણ કર્યો હોવાના ઉલ્લેખો આવે છે.

તે સમયમાં ખેસ શબ્દ 'ઉપરણો' (ઉપવસ્ત્ર) અને અધોવસ્ત્ર - ધોતી બંને માટે વપરાતો હતો. વચનામૃતમાં જ્યારે 'ખેસ ઓઢ્યો હતો' એમ વર્ણન કે વાક્યરચના આવે ત્યારે ખેસનો અર્થ ઉપવસ્ત્ર કે ઉપરણો થાય છે. અને જ્યારે 'ખેસ પહેર્યો હતો' એમ વર્ણન કે વાક્યરચના આવે ત્યારે ખેસનો અર્થ અધોવસ્ત્ર કે 'ધોતિયું' એમ સ્પષ્ટ સમજવું. (વાઘેલા ૧૯૮૮:૧૨૧)

સારંગપુર પ્રકરણના ત્રીજા વચનામૃતમાં આ વાતની સ્પષ્ટતા થાય છે. આ વચનામૃતના વર્ણન મુજબ ભગવાન સ્વામિનારાયણે બે ખેસ ધારણ કર્યા છે. કાળા છેડાનો ખેસ ઓઢ્યો છે, અહીં ખેસ એટલે ઉપવસ્ત્ર. અને બીજો ખેસ પહેર્યો છે, અહીં ખેસ એટલે અધોવસ્ત્ર - ધોતી. શ્રીહરિ માનસીપૂજાની વાત કરે છે ત્યારે પણ આ વાતની વધુ સ્પષ્ટતા થાય છે. શ્રીહરિ કહે છે: 'ધોયેલો શ્વેત ખેસ પહેરવા આપવો', એટલે કે ધોતિયું આપવું. જો એમણે 'ઓઢવા આપવો' કહ્યું હોત તો ઉપવસ્ત્ર અર્થ થાત.

વચનામૃતનાં વર્ણનોમાં ફક્ત એક જ વાર ગઢડા મધ્ય પ્રકરણ ૪૩માં ધોતિયું પહેરવાની વાત છે, અન્ય તમામ વચનામૃતોમાં ખેસ શબ્દ જ વપરાયો છે. ગઢડા પ્રથમ પ્રકરણના ૧૪મા અને ૧૭મા વચનામૃતમાં 'ચાદર ઓઢી' ક્રિયાપદ વપરાયું છે, જેનો અર્થ પણ ઉપવસ્ત્ર થાય છે.

તેમનાં વસ્ત્રોનાં વર્ણનોમાં એક વાર વિલાયતી સફેદ ધોતિયાનું પણ વર્ણન આવે છે (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૧). વિલાયતી એટલે ઇંગ્લૅન્ડથી આવેલું કાપડ. કોઈક ભક્તે તેમને ભાવપૂર્વક આ સફેદ બ્રિટિશ વસ્ત્ર અર્પણ કર્યું હશે, જે લેંકેશાયરની સ્ટીમ પાવરલૂમમાં બન્યું હતું. અત્રે નોંધવું જોઈએ કે ૧૭૮૦માં જેમ્સ વોટે સ્ટીમ એન્જિન શોધ્યા પછી આ શરૂઆત થયેલી. એ પછી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ ભારતમાં બનતાં હાથવણાટનાં કાપડ પર પ્રતિબંધ લાદી, બ્રિટિશ હકૂમતના તાબા હેઠળના દેશોમાં મશીનવણાટનાં સસ્તાં કાપડની નિકાસ શરૂ કરી. એ પૈકીનું આ વસ્ત્ર શ્રીહરિને ધારણ કરાવવામાં આવ્યું હતું.

સાથે સાથે એ વસ્તુ પણ નોંધવી જોઈએ કે ઉપરોક્ત અપવાદને બાદ કરતાં શ્રીજીમહારાજનાં બધાં જ વસ્ત્રો હાથેથી વણેલાં તથા હાથેથી જ સીવેલાં હતાં. સિલાઈ મશીનની શોધ તો સન ૧૮૩૦ની આસપાસ થઈ, અને ભારતમાં તો ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં આ મશીનો આવ્યાં. આપણા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં અભિષેક મંડપમાં દર્શનાર્થે મૂકવામાં આવેલું ભગતજી મહારાજનું મશીનથી સીવેલું 'કેડિયું' તેની સાક્ષી પુરાવે છે. (ભગતજી મહારાજનો સમય – ૧૮૨૯ થી ૧૮૯૮)

શાલ, ચોફાળ ઇત્યાદિ ઉપરનાં વસ્ત્રો

સમગ્ર ભારતમાં ઠંડીના દિવસોમાં ઠંડીથી બચવા રોજિંદા વસ્ત્રો ઉપર શાલ ઓઢવી તે એક પ્રથા હતી અને આજેય તે પ્રચલિત છે. ભગવાન સ્વામિનારાયણને સંતો-ભક્તો ઠંડીના દિવસોમાં શાલ વગેરે ઉપરી વસ્ત્રો ઓઢાડતાં તેનાં વર્ણનો પણ વચનામૃતમાં નીરખવાં મળે છે. આવાં ઉપરી વસ્ત્ર માટે ચોફાળ, ચાદર, રજાઈ, પછેડી, શેલું અને રેંટો વગેરે વર્ણન મળે છે. શેલું અને રેંટો સિવાયનાં બધાં જ ઉપરી વસ્ત્રો શાલ કરતાં ભારે અને પ્રમાણમાં જાડાં છે. ગઢડા પ્રથમ પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭; ગઢડા મધ્ય પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૧૬, ૨૦; અને લોયા પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૬, ૧૩, ૧૫, ૧૭, ૧૮ વગેરેમાં ભગવાન સ્વામિનારાયણે આ વસ્ત્રો ધાર્યાનું વર્ણન ઉપલબ્ધ છે.

લોયા પ્રકરણના વચનામૃત ક્રમાંકો ૧૫, ૧૭, ૧૮ના દિવસો વિશેષ ઠંડા હોય એમ જણાય છે, કારણ કે બે જાતનાં ભારે વસ્ત્રો ધારણ કર્યાં છે. અન્ય વચનામૃતોમાં પણ બે વસ્ત્રો ધારણ કર્યાંનાં વર્ણનો છે. જુઓ ઉદાહરણો :

– ચોફાળ અને પછેડી (લોયા પ્રકરણ ૧૫).

– ચાદર અને બુટ્ટાદાર રજાઈ (ગઢડા મધ્ય પ્રકરણ ૧૮).

– ચોફાળ અને છીંટની રજાઈ (ગઢડા મધ્ય પ્રકરણ ૨૦).

ગઢડા મધ્ય પ્રકરણના ૨૦, ૨૬, ૪૭માં છીંટની રજાઈ ઓઢી છે, કારણ કે આ કથાઓ માગશર અને પોષ માસના ઠંડીના દિવસોમાં હતી.

રસપ્રદ હકીકત તો એ છે કે લોયા(૬, ૧૩, ૧૫, ૧૮)ના વાતાવરણમાં ભગવાન સ્વામિનારાયણે કથાનો સમય પણ ખૂબ ઠંડો હોય એવો પસંદ કર્યો

છે, જેમ કે સવારે, સાંજે અથવા રાત્રે.

સામાન્યતઃ ભારતમાં ઠંડીના દિવસોમાં પણ બપોરનો સમય હૂંફાળો અને અનુકૂળ રહે છે. કલ્પના કરી શકાય તેમ છે કે શ્રીહરિએ આવા ઠંડા દિવસોમાં બે વસ્ત્રો ધારણ કર્યાં છે તો તેમના કેટલાય પરમહંસો તો ફક્ત એક ગાતરિયાભર જ રહેતા હતા! ઠંડી સહન કરીને પણ, સવાર હોય કે સાંજ, કથા માટેનો શ્રીહરિ તથા ભક્તજનોનો ઉત્સાહ-ઇશક અનેરો હતો. વળી, શ્રોતાઓને તો વિશેષ જાગ્રત અને ખબરદાર રહેવું પડ્યું હશે! કારણ કે લોયાનાં એ વચનામૃતોની બધી જ કથાવાર્તા ગૂઢ અધ્યાત્મ-વાદથી ભરેલી છે અને જલદીથી સમજાય એવી નથી.

શેલું

ભગવદ્ગોમંડલમાં વર્ણવ્યા મુજબ શેલું એટલે સુંદર કસબી કોર પાલવવાળો બારિક વણાટનો ખેસ, ઉપવસ્ત્ર, ઉત્તરીય કે ઉપરણો. નીચેનાં વચનામૃતોમાં શ્રીહરિએ શેલું ધારણ કર્યાંનાં વર્ણનો પ્રાપ્ત થાય છે:

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૩, ૨૩, ૫૩.

કારિયાણી પ્રકરણ: ૧.

ગઢડા મધ્ય પ્રકરણ: ૯, ૬૧.

વરતાલ પ્રકરણ: ૨, ૧૫.

અંગરખું

અંગરખો એટલે સીવેલું, લાંબી બાંયવાળું, ઘૂંટી સુધી પહોંચતું, લાંબા ઝભ્ભા જેવું ઉપરી વસ્ત્ર (જુઓ રંગીન છબિ પૃષ્ઠ ૧).

વચનામૃતોનાં વર્ણનોમાં ભગવાન સ્વામિનારાયણે કુલ ૯ વખત સફેદ અંગરખું ધારણ કર્યાંનાં વર્ણનો પ્રાપ્ત થાય છે.

ગઢડા પ્રથમ પ્રકરણ: ૨૩, ૩૮(દોરિયાનું), ૫૧, ૫૩.

પંચાળા પ્રકરણ: ૧, ૬.

સારંગપુર પ્રકરણ: ૯.

લોયા પ્રકરણ ૧૭ અને વરતાલ પ્રકરણ ૧.

ડગલી

વધારે ઠંડી હોય ત્યારે, હાલના જૅકેટ જેવું, કેડ સુધી પહોંચતું સીવેલું વસ્ત્ર એટલે ડગલી.

વચનામૃતોના દિવસોમાં ભગવાન સ્વામિનારાયણે કુલ ૨૩ પ્રસંગોએ ચાર જાતની ડગલી ધારણ કરી હતી. જુઓ તે વચનામૃતોના ક્રમાંકો:

સફેદ છીંટની ડગલી: કારિયાણી પ્રકરણ ૧૧, ૧૨; લોયા પ્રકરણ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯.

રાતા કિનખાબની ડગલી: ગઢડા મધ્ય પ્રકરણ ૯; વરતાલ પ્રકરણ ૨, ૧૫.

કાળા કિનખાબની ડગલી: કારિયાણી પ્રકરણ ૬; લોયા પ્રકરણ ૨.

રાતા ઊનની ડગલી: ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩, ૨૪; લોયા પ્રકરણ ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ (અંગરખું, ચોફાળ અને રજાઈ સાથે), ૧૮.

આમ, ભગવાન સ્વામિનારાયણે ૨૩ વાર ડગલી પહેર્યાનું વર્ણન છે, તેમાંથી સૌથી ભપકાદાર અને ચિત્તાકર્ષક ડગલી કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃતમાં છે; કારણ કે તેમાં 'નરનારાયણ, સ્વામિનારાયણ' એવું ભરતકામ કરવામાં આવ્યું હતું. આ સિવાય ફક્ત એક જ વાર શ્રીહરિએ આવી આકર્ષક સુંદર ડગલી પહેરી છે. સન ૧૮૨૯માં વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણના ૩૪ની કથાના થોડા જ દિવસ પહેલાં સુરતના હરિભક્ત આત્મારામ દરજીએ ખંતથી સીવેલી ડગલી પહેરીને શ્રીહરિ ભાવનગરના મહારાજા વજેસિંહના આમંત્રણને માન આપીને તેમના મહેલમાં પધાર્યા હતા. આ ડગલી એટલી બધી કલા-સભર હતી કે મહારાજા વજેસિંહ પણ આ મુલાકાત દરમિયાન વારંવાર ડગલી તરફ જોઈ રહ્યા હતા. (દવે ૨૦૦૩, ૫: ૩૧૬)

રેંટો

રેંટો એટલે સુતરાઉ અથવા કિનખાબ/રેશમમાંથી બનાવેલું જરિયાન (જરીયુક્ત) ભરતકામવાળું વસ્ત્ર; જે ધોતી, ઉપવસ્ત્ર કે ઉત્તરીય તરીકે પણ પહેરાય છે. ભગવાન સ્વામિનારાયણે વચનામૃતોના ૭ પ્રસંગોએ આવા કલાત્મક રેંટો માથે ઓઢ્યાનાં કે કમરે બાંધ્યાનાં વર્ણનો રસપ્રદ છે. જુઓ

ઉદાહરણો :

- વરતાલ પ્રકરણ ૧ : ગૂઢા રંગનો રેંટો કમરે બાંધ્યો હતો ને માથા ઉપર કસુંબલ રેંટો સોનેરી તારના છેડાવાળો બાંધ્યો હતો ને ખભે કસુંબલ રેંટો જરકસી છેડાનો વિરાજમાન હતો.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩ : માથે કસુંબી રંગને છેડે રેંટો બાંધ્યો હતો.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૩, ૫૪ : જરકસી છેડાનો ભારે કસુંબલ રેંટો માથે બાંધ્યો હતો.
- ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬ : જરિયાન કસુંબલ રેંટો ઓઢ્યો હતો ને માથે ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો.
- લોયા પ્રકરણ ૨: બુરાનપુરી આસમાની રંગનો રેંટો સોનેરી તારના ફરતા છેડાનો બાંધ્યો હતો અને કસુંબી રંગનો રેંટો કેડ્યે બાંધ્યો હતો.
- ગઢડા મધ્ય પ્રકરણ ૯ : મસ્તક ઉપર સોનેરી ફરતા છેડાનો કસુંબી રેંટો બાંધ્યો હતો.

સુરવાળ

વચનામૃતોનાં વર્ણનોમાં શ્રીહરિએ ૧૯ વાર સુરવાળ ધારણ કર્યાના નિર્દેશો છે.

લોયા પ્રકરણ ૧માં આજે પણ શેરવાની સાથે પહેરવામાં આવતો લેંઘા/પાયજામા જેવો સુરવાળ પહેર્યો છે. શ્રીહરિની રુચિ સફેદ સાદા સુરવાળ (વરતાલ પ્રકરણ ૧) પ્રત્યે વિશેષ હતી, પરંતુ ગઢડા મધ્ય પ્રકરણ ૯, વરતાલ પ્રકરણ ૧૫, કારિયાણી પ્રકરણ ૬ અને લોયા પ્રકરણ ૨માં એમણે રાતા કિનખાબનો સુરવાળ પહેર્યો છે.

૧૯માંથી ૧૦ વાર એમણે શ્વેત સુરવાળ જ પહેર્યો છે. બાકીના ૯ પ્રસંગોએ એક સાદો (સુતરાઉ) અને બાકી કિનખાબનાં વર્ણનો છે. ઠંડીના દિવસોમાં લોયા પ્રકરણનાં ૧, ૩, ૭ વચનામૃતોમાં શ્રીહરિએ ધારણ કરેલા સુરવાળમાં કિનખાબના બે પડ વચ્ચે રૂની ગાદી મૂકેલી છે; તો વરતાલ પ્રકરણના બીજા વચનામૃતમાં પીળા તાસતાના સુરવાળનું વર્ણન છે. આ તાસતાનો સુરવાળ તે એક અપવાદ છે અને જે હરિભક્ત ભક્તિભાવથી

લાવ્યા હશે તેમનો ભક્તિભાવ જોઈને જ શ્રીહરિએ તે ધારણ કર્યો હશે. કારિયાણી પ્રકરણના છઠ્ઠા વચનામૃત પરથી તે સ્પષ્ટ સમજાય છે.

આ વચનામૃતમાં શ્રીહરિએ ધારણ કરેલાં ભારે-ભારે વસ્ત્રો દીવબંદરનાં મહિલા હરિભક્ત પ્રેમબાઈએ જાતે તૈયાર કરીને, એકલપંડે જ છેક દીવથી ચાલતાં ચાલતાં કારિયાણી લઈને આવ્યાં હતાં. પ્રેમબાઈની ભક્તિ તો જુઓ: સોનેરી બુટ્ટાદાર રાતા કિનખાબનો સુરવાળ, કાળા કિનખાબની 'નરનારાયણ સ્વામિનારાયણ' ભરત ભરેલી ડગલી, સોનેરી તારના ફરતા છેડાની કસુંબલ પાઘ, આસમાની રંગનો કસવાળો ફેંટો, પીળું છત્ર અને કાષ્ઠની ચાખડી; આ બધાં વસ્ત્રો તેમણે જાતે બનાવેલાં હતાં.

આ બધાં વસ્ત્રો લઈને પ્રેમબાઈ કારિયાણી પહોંચ્યા ત્યારે શ્રીહરિ તો સંત-ભક્તમંડળ સમક્ષ કથા કરી રહ્યા હતા. પરંતુ કથાને વિરામ આપીને પોતાના આસન પરથી ઊભા થઈ, તેઓ પ્રેમબાઈની સામે જઈ બધી જ ભેટ-સોગાદો સ્વીકારે છે અને કથામાં એમની ભક્તિની પ્રસંશા પણ કરે છે:

"આટલાં આટલાં વર્ષ થયાં તેમાં અમારે અર્થે કેટલાક હરિભક્ત વસ્ત્ર તથા હજારો રૂપિયાના અલંકાર લાવે છે, પણ અમે આવી રીતે કોઈ સામા જઈને લેતા નથી અને આવી રીતે કોઈનાં વસ્ત્ર-ઘરેણાં પહેરીને રાજી થયા નથી. આજ તો અમારે એ હરિભક્ત ઉપર અતિશય રાજીપો થયો." (વચનામૃત કારિયાણી પ્રકરણ ૬)

આ વચનામૃતમાં જ શ્રીહરિની અજોડ નિઃસ્પૃહિતા અને તેમનો વૈરાગ્ય તો બીજી જ ક્ષણે દેખાઈ આવે છે. ભક્તની ભક્તિ અંગીકાર કરતાં આવાં ભારે-ભારે વસ્ત્રો ધારણ કરીને તેઓ તરત જ આ બધાં જ વસ્ત્રો, એ સમયે કથામાં આવેલા દીનાનાથ ભટ્ટને ભેટમાં આપી દે છે!! આગામી દિવસોમાં અન્યોને પોતાનાં આવાં પ્રભાવશાળી વસ્ત્રો દેખાડી કોઈનું ધ્યાન આકર્ષવાની તેમની કોઈ જ મનશા નથી.

ભાલ/મસ્તકના શણગાર

ભગવાન સ્વામિનારાયણ તે સમયના સૌરાષ્ટ્રમાં પ્રવર્તમાન સાફો કે પાઘ મસ્તક પર ધારણ કરતા. વચનામૃતમાં એમણે ધારેલાં પાઘ, ફેંટો કે શેલું સાફા તરીકે બાંધવામાં આવતાં લાંબાં વસ્ત્રનાં વર્ણનો છે. કેટલાંક

વચનામૃતોનાં વર્ણનોમાં શ્રીહરિએ મસ્તકે ધારેલાં શણગારનાં ઉદાહરણો:

- **સફેદ પાઘ**

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૩, ૧૪, ૧૭, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૨૯, ૩૨, ૩૪, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૫૧, ૫૩, ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૭૮.

સારંગપુર પ્રકરણ: ૨, ૩, ૪, ૯, ૧૪, ૧૮.

કારિયાણી પ્રકરણ: ૬, ૧૧.

લોયા પ્રકરણ: ૪, ૫, ૭.

ગઢડા મધ્ય પ્રકરણ: ૧, ૧૩, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૦, ૪૧, ૪૮, ૪૯, ૫૨, ૫૪, ૫૭, ૬૦, ૬૨, ૬૬.

વરતાલ પ્રકરણ: ૨, ૩, ૫, ૬, ૧૧, ૧૨.

અમદાવાદ પ્રકરણ: ૧, ૩.

ગઢડા અંત્ય પ્રકરણ: ૧, ૨, ૩, ૫, ૭, ૮, ૯, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૨૨.

અમદાવાદ પ્રકરણનાં વધારાનાં: ૪, ૫, ૬, ૭, ૮.

અશ્લાલી પ્રકરણ: ૧.

જેતલપુર પ્રકરણ: ૧, ૨, ૩, ૪, ૫.

- **મોળિયું**

મસ્તક પર ફેંટાની જેમ બંધાતું, પણ પ્રમાણમાં ફેંટાથી ટૂંકું કાપડ. ગઢડા મધ્ય પ્રકરણના ૫૫મા વચનામૃતમાં શ્રીહરિએ (સોનેરી તારનું નવાનગર(જામનગર)નું મોળિયું ધારણ કર્યાનું વર્ણન છે.

- **ફેંટો**

મસ્તક પર બંધાતું જરીભરતવાળું કસબી વસ્ત્ર એટલે ફેંટો. નીચેનાં વચનામૃતોમાં શ્રીહરિએ ફેંટો ધારણ કર્યાનાં વર્ણનો છે:

ગઢડા પ્રથમ પ્રકરણ: ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૩૦, ૩૮, ૫૪, ૬૬, ૭૧, ૭૩.

કારિયાણી પ્રકરણ: ૧, ૩, ૬, ૧૨.

લોયા પ્રકરણ: ૧, ૨ (બુરહાનપુરી ફેંટો), ૩, ૬, ૮, ૯, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮.

પંચાળા પ્રકરણ: ૧ (મસ્તક ઉપર ધોળો ફેંટો અને માથાના ફેંટાનો પેચ જમણી કોરે છૂટો હતો), ૨, ૩, ૪, ૫, ૬, ૭.

ગઢડા મધ્ય પ્રકરણ: ૧૪, ૧૮, ૧૯.

અમદાવાદ પ્રકરણ: ૨.

ગઢડા અંત્ય પ્રકરણ: ૩૧.

■ બોકાની

ઠંડી ઋતુમાં સાફાનો એક છેડો લાંબો ખેંચી કાન અને મોં ઢાંકવામાં બંધાતો તેને બોકાની કહેવાતી. નીચેનાં વચનામૃતોમાં બોકાનીનાં વર્ણનો છે:

ગઢડા પ્રથમ પ્રકરણ: ૪૪.

કારિયાણી પ્રકરણ: ૧૨.

લોયા પ્રકરણ: ૬, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮.

અન્ય ચિત્તાકર્ષક શણગાર

વચનામૃતની ઘણી ભૂમિકાઓમાં શ્રીહરિએ નયનરમ્ય શણગાર ધાર્યાનાં વર્ણનો પ્રાપ્ય છે. જુઓ કેટલાંક ઉદાહરણો:

મોતીની માળા: ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩.

નવી તુલસીની કંઠી: ગઢડા પ્રથમ પ્રકરણ ૬૪, ગઢડા મધ્ય પ્રકરણ ૪૮.


કાંડા પર રાખડી: ગઢડા મધ્ય પ્રકરણ ૯ (શ્રાવણ સુદ પૂર્ણિમાને બદલે ચૌદશને દિવસે રાખડી બાંધી છે.)

હાથમાં રૂમાલ: જેતલપુર પ્રકરણ ૨.


લલાટ પર કેસરીચંદનની અર્ચા: ગઢડા પ્રથમ પ્રકરણ ૩૨, ૫૯.

શરીર પર કેસરચંદનની અર્ચના: જેતલપુર પ્રકરણ ૪.

(ચંદનની અર્ચાના ઉપરોક્ત ત્રણેય પ્રસંગોએ ઋતુની નોંધ લેવા જેવી છે. પ્રથમ વખતે પોષ માસ અને અન્ય બે દિવસો વખતે ફાગણ માસ હતો. બંને મહિનામાં ઠંડીનો ચમકારો હોય છે. પોષમાં થોડો વિશેષ. આથી આપણે સમજી શકીએ છીએ કે કોઈ વડીલ સંત કે ભાવિક ભક્તનું મન રાખવા પૂજન




શ્રીહરિએ ધારણ કરેલી પાઘનું માનચિત્ર




રૂ ભરેલા સુરવાળનો ટુકડો



શ્રીહરિએ ધારણ કરેલી બોકાનીનું માનચિત્ર




શ્રીહરિએ ધારણ કરેલી ડગલીનું માનચિત્ર




સુરવાળ અને તેનું મશરૂનું નાડું


શ્રીહરિએ ધારણ કરેલી પાઘ (માનચિત્ર)







૧૯મી સદીમાં સૌરાષ્ટ્રમાં પ્રચલિત પાઘ



સમયે શ્રીહરિએ ચંદનની અર્ચા સ્વીકારી છે. આપણે સૌ જાણીએ છીએ કે ચંદન ગરમીમાં અનુકૂળ છે, ઠંડીમાં નહીં.)

આમ, વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે ધારણ કરેલાં વસ્ત્ર-પરિધાનની દસ્તાવેજી વિગતો તેમના દિવ્ય સ્વરૂપને ઉજાગર કરે છે. એટલું જ નહીં, એ દસ્તાવેજી ઐતિહાસિક વર્ણનો તેમના વ્યક્તિત્વનો પરિચય આપે છે અને એમની ધ્યાનમૂર્તિનું વર્ણન પણ હૃદયને શાંત અને સ્થિરતા બક્ષે છે.



શ્રીહરિએ ધારણ કરેલી કચ્છી ટોપી


૧૮૧૨-૧૩ના મહાદુષ્કાળ સમયે શ્રીહરિ આવી કચ્છી ટોપી પહેરતા.

(શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૩-૩૫)


ભગતજી મહારાજનું પ્રાસાદિક કેડિયું (જુઓ પૃ. ૩)
અભિષેક મંડપમ્, અમદાવાદ



ઉત્કર્ષ મોદી



ઉત્કર્ષ મોદી



હર્ષદ વડોદરિયા

ભગતજી મહારાજનો પ્રાસાદિક કાપડ માપવાનો લોખંડનો ગજ...
અભિષેક મંડપમ્, અમદાવાદ (જુઓ પૃ. ૧૩)

શ્રીજીમહારાજના શણગારમાં વસ્ત્ર-વૈવિધ્ય

સૌરાષ્ટ્રમાં ૧૮મી અને ૧૯મી સદીની શરૂઆત સુધી ખેતી કરતો વર્ગ મુખ્યત્વે પાણકોરું (જાડું કાપડ), માદરપાટ (જાડું સફેદ કાપડ) કે બસ્તો (માદરપાટ જેવું જાડું કાપડ) વગેરે પ્રકારના કાપડ વસ્ત્રો તરીકે વાપરતા. જ્યારે રાજા-મહારાજાઓ, શ્રેષ્ઠીઓ કે ધનિક વર્ગમાં પ્રમાણમાં ખૂબ મોંઘાં એવાં મખમલ, રેશમ, કિનખાબ, છીંટ, જરી, દોરિયા કે મશરૂ વગેરે પ્રકારનાં કાપડ વસ્ત્ર-પરિધાનમાં વપરાતાં. આ બધાં કાપડ હાથવણાટથી જ બનતાં. કાપડનું માપ 'ગજ'થી કરાતું. એક ગજ એટલે ૨૪ તસુ (૨૦.૫ ઇંચ). જીવન-જરૂરિયાતની અન્ય વસ્તુઓ કરતાં કાપડ મોંઘું હતું. પાણકોરા જેવું બરછટ કપડું ત્રણ આનાનું એક ગજ; જ્યારે અન્ય મુલાયમ વસ્ત્રો આઠ આને ગજ હતાં.

શ્રીજીમહારાજનું વસ્ત્ર-વૈવિધ્ય

■ છીંટ

છીંટ એટલે એક એવું કાપડ જેના પર હાથથી ચિત્રકામ કરેલી કે બીબાની મદદથી પાડેલી ફૂલોની રંગબેરંગી ભાત હોય. કાપડ ઉદ્યોગના ક્ષેત્રે છીંટ એ ભારતની વિશ્વને એક ભેટ સમાન છે, જેમાં કુશળ કારીગરો કુદરતી પાકા રંગો તૈયાર કરતા. જેની છાપ કાપડ પર પ્રસર્યા વગર કાયમ માટે રહેતી. આ કારીગરીથી કાપડ કડક અને ચમકીલું બની રહેતું. આ એક ખૂબ અઘરી કારીગરી હતી, જેમાં ૧૭ અલગ અલગ પ્રક્રિયાઓ કરવી પડતી. શરૂઆતના સમયમાં છીંટ કલમકારી(હાથેથી ચિત્રિત)ને મળતું આવતું.

(કલમ એટલે કે વાંસના કિત્તાથી ચિત્રકામ કરાતું એટલે કલમકારી)

ભગવાન સ્વામિનારાયણને ભક્તોએ છીંટનાં વસ્ત્રો ધારણ કરાવ્યાંના ઉલ્લેખો વારંવાર મળે છે. વચનામૃતમાં પણ તેનાં વર્ણનો છે:

વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૧, ૧૨ તથા લોયા પ્રકરણ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯માં છીંટનાં વસ્ત્રોનાં વર્ણનો ઉલ્લેખાયાં છે.

■ હીર

ભગવદ્ગોમંડલ હીરને રેશમ તરીકે દર્શાવે છે. ભગવાન સ્વામિનારાયણે હીરનાં અલગ અલગ વસ્ત્રો ધારણ કર્યાનાં વચનામૃતમાં ઉલ્લેખો છે. ક્યારેક હીરના તોરા, ક્યારેક હીરની રજાઈ, ક્યારેક હીરકોરનું ધોતિયું વગેરે તેમણે ધારણ કર્યું છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪માં પાઘમાં હીરના તોરાનો નિર્દેશ છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૫૯, ૬૧, ૬૩, ૬૪, ૬૮, ૭૦, ગઢડા મધ્ય પ્રકરણ ૨૦માં હીરની રજાઈ ધારણ કર્યાનો ઉલ્લેખ છે. ગઢડા મધ્ય પ્રકરણ ૪૬, ૪૭ અને જેતલપુર પ્રકરણ ૪માં શ્રીહરિએ શિર પર હીરકોરનું ધોતિયું બાંધ્યું છે તેનું સુંદર વર્ણન છે.

હીર ભરતકામ કે ભરતગૂંથણની પ્રથા ગુજરાતની જ દેન છે. અને ખાસ કરીને લોહાણા/ઠક્કર બંધુઓમાં જોવા મળે છે. હીર ભરતમાં રંગોનું ભરપૂર વૈવિધ્ય હોવાથી અવનવી આકૃતિઓ સાથે ‘આભલા ભરત’ પણ થાય છે, જેનાથી એને અદકેરું મહત્ત્વ મળે છે.

એ સ્વીકૃત હકીકત છે કે ભારતના ભરતગૂંથણ ઇતિહાસમાં ગુજરાતનો સિંહફાળો છે. જેમાં કચ્છી ભરત પ્રખ્યાત બન્યું છે. આ ભરતકામ હાથેથી કાંતેલાં અને હાથવણાટનાં સુતરાઉ અને ઊનનાં કાપડ પર કરાય છે. આકૃતિઓમાં ભૌમિતિક પરિમાણો, પશુ-પક્ષી કે ફૂલછોડ ઇત્યાદિ વૈવિધ્યતા-પૂર્ણ કસબ જોવા મળે છે.

■ જરી (ઝરી)

૧૭૦૦થી ૧૧૦૦ સન પૂર્વે ત્યારના ઈરાન(પર્શ્યા)થી આવતા યાત્રાળુઓ ભારતમાં ઝરી લાવ્યા હોવાનું કહેવાય છે. પર્શ્યન ભાષામાં ‘ઝરદોઝી’ એટલે ઝરી. ‘ઝર’ એટલે સોનું અને ‘દોઝી’ એટલે ભરતકામ.

ભગવાન સ્વામિનારાયણના પોશાક

અંગરખું

મેથાણના હરિભક્ત શ્રી ઠાકરશીભાઈ લાલજીભાઈ પટેલ હસ્તક, શ્રીહરિએ સ્વયં ધારેલું પ્રસાદીનું અંગરખું. એમના પાંચમી પેઢીના વડવા શ્રી અક્ષયભાઈને શ્રીહરિએ ભેટ આપેલું. લંબાઈ ગોઠણ સુધી ૪૦ ઇંચ, બાંયની લંબાઈ: ૨૯ ૧/૨ ઇંચ, સિલાઈમાં બે ચપટી છે અને છાતીની ઊંચાઈએ કસ બાંધવા માટે બે દોરી છે. ખભાનું માપ: ૧૪ ઇંચ. કાપડ સુતરાઉ છે, જેમાં પટ્ટાદાર ભાત છે. એક અંગરખું સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના પ્રસાદી મંડપમ્‌માં મૂકેલ છે.





સાફામાં લટકતા તોરા અને કાન પર ખોસેલાં ગુલાબનાં ફૂલ



સુરતના અરદેશર કોટવાલને શ્રીહરિએ ભેટમાં આપેલી પાઘ




ભગવાન સ્વામિનારાયણનો સુતરાઉ ખેસ, અભિષેક મંડપમ્, અમદાવાદ

હર્ષદ વડોદરિયા



ભગવાન સ્વામિનારાયણનો સુરવાળ,
સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગર

ભગવાન સ્વામિનારાયણના પોશાક – અભિષેક મંડપમ્ , અમદાવાદ



હર્ષદ વડોદરિયા

સુતરાઉ ખેસ



ઉત્કર્ષ મોદી


હીરનો ચાકળો

વચનામૃતમાં આવતા કાપડના વિવિધ પ્રકાર

છીંટ

ર ચાકળો

દોરિયાં



રેશમ

મશરૂ

જરી (ઝરદોશી)

નોંધ : કિનખાબ ૬૦ વર્ષ પહેલાંનું છે, જ્યારે બાકીના તમામ કાપડ આધુનિક છે.

વચનામૃત કારિયાણી ૧૧ મુજબ શ્રીહરિએ ધારેલા શણગાર


ઉત્કર્ષ મોદી

પાઘમાં પીળાં ગુલદાવદીના તોરા


ઉત્કર્ષ મોદી

હજારીનાં બાજુબંધ


હર્ષદ વડોદરિયા

કારિયાણી ૧૧ મુજબ ઉત્સવ મૂર્તિમાં દર્શાવેલ છીંટની ડગલી, લાલ અને પીળાં ગુલદાવદીના હાર.


ઉત્કર્ષ મોદી

કાંડા પર કંકણ અને હાથ પર ગુલાબના ગુચ્છ.


ઉત્કર્ષ મોદી

આધુનિક દોરિયાનો ખેસ.

વચનામૃતમાં નિર્દિષ્ટ ફૂલો


વિશેષ માહિતી જુઓ પૃ. ૨૧



બોરસલી



ચમેલી



ચંપો



ડોલરિયો



ગુલાબ



હજારી

ગુલદાવદી



લાલ



સફેદ



પીળો



લાલ કર્ણિકાર (કરેણ)



પીળું કર્ણિકાર (કરેણ)



મોગરો


છીંટનું કાપડ રંગવા માટેની સામગ્રી*



છાપકામ માટેનું લાકડાનું બીબું




કલમ



પીળા રંગ માટે હારડા ફૂલનો પાવડર



લાલ કલર માટે મંજિષ્ટ વનસ્પતિ



મીણ



ફટકડી

* રેશમ અથવા સુતરાઉ કાપડનું છીંટ પ્રિન્ટીંગ કરવા માટેના ૧૭ ક્રમ હોય છે.

આધુનિક રેશમ અને જરી ભરતકામ




આધુનિક રેશમ અને જરી ભરતકામ



ફેઝુન મેઘારા











એટલે જ્યાં સાચા સોના કે ચાંદીના તાર ભરતકામમાં વપરાય તે, જે રેશમના કે ભારે કાપડ પર અવનવી વૈવિધ્યપૂર્ણ આકૃતિઓ કરે. ભગવાન સ્વામિનારાયણે ઝરીવાળાં એટલે કે જરિયાન વસ્ત્રો ધારણ કર્યાની વિગતો નીચે મુજબનાં વચનામૃતોમાં નોંધાઈ છે:

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ: ૫૩, ૫૪, ૫૬; વરતાલ પ્રકરણ: ૧, ૨ તથા ગઢડા મધ્ય પ્રકરણ ૯.

■ કિનખાબ

કિનખાબ એ ફારસી શબ્દ છે. ભગવદ્‌ગોમંડલ કિનખાબનું વર્ણન કરતાં લખે છે કે ખાબ એટલે રૂંવાટી અને કિન એટલે ઓછું. એટલે કે આછી રૂંવાટીવાળું વસ્ત્ર. કિનખાબનું વર્ણન કરતાં ભગવદ્‌ગોમંડલ લખે છે કે રેશમનું જરીબુટ્ટાના વણાટવાળું કસબી વસ્ત્ર એટલે કિનખાબ.

કમખ્વાબ (કમ-ઓછું, ખ્વાબ-સ્વપ્ન) એટલે કે સ્વપ્નવત્, જેનો અપભ્રંશ છે કિનખાબ – સ્વપ્ન જેવું કાપડ; ભારે રેશમી કાપડ; જેમાં સાચા સોના અને ચાંદીના તાણાવાણા છે. પીળા રેશમના તાર સાથે સોનાના તાર અને સફેદ રેશમ સાથે ચાંદીના તાર વણી લઈ, પછી કિનખાબ બને. (ઈરવીન: ૧૯૭૩, ૨: ૨૧૦). સોના-ચાંદીના તાર નીચે રેશમ જેટલું ન દેખાય તેટલી વધુ તે કાપડની ગુણવત્તા ઊંચી. ૧૯મી સદીના અંત ભાગમાં રેશમની જગ્યાએ સુતરાઉ કાપડનો ઉપયોગ શરૂ થયેલો. ઇતિહાસકાર મગનલાલ વખતચંદ એમના પુસ્તક 'અમદાવાદનો ઇતિહાસ'(૧૮૫૦)માં નોંધે છે: *'અમદાવાદ અને કાશી બે જ શહેર કિનખાબ વણાટ માટે પ્રખ્યાત હતાં, જેમાં અમદાવાદી કિનખાબ વધુ સારો હતો.'* સુરતમાં પણ કિનખાબ વણાતો.

કિનખાબ ૧૬ જાતનો બનતો. ૧૮૫૦માં ગણશિયોના એક ગજના ૧૦૦થી ૧૫૦ રૂપિયા હતા. જ્યારે કતરાનો લીલો કિનખાબ ૪થી ૨૦ રૂપિયાનો ગજ હતો. અહીં તુલના માટે ઉલ્લેખવું જોઈએ કે એ સમયે ખેડૂતવર્ગમાં પહેરાતું માદરપાટ કાપડ એક રૂપિયાનું ૪થી ૫ ગજ મળતું. (વખતચંદ ૧૮૫૧: ૧૬૩-૧૬૫)

ભગવાન સ્વામિનારાયણે ભક્તોનો ભાવ સ્વીકારીને ચાર વચનામૃતમાં કિનખાબ ધારણ કર્યું છે:

કારિયાણી પ્રકરણ ૬ : કિનખાબનો સુરવાળ, કિનખાબની ડગલી.

લોયા પ્રકરણ ૨ : કિનખાબનો સુરવાળ, નરનારાયણ અંકિત કાળા કિનખાબની ડગલી.

વરતાલ પ્રકરણ ૨ : કિનખાબની રાતી ડગલી, અને વરતાલ પ્રકરણ ૫ : કિનખાબનો સુરવાળ, કિનખાબની ડગલી.

■ તાસ/તાસતા

તાસ એક મોઘું કાપડ હતું, જેમાં તાણો રેશમ કે સૂતરનો, અને વાણો ધાતુનો બારીક તાર (રેશમના દોરા વગરનો) વપરાતો. શ્રીહરિએ વચનામૃત વરતાલ પ્રકરણ ૨માં આ પીળા તાસતાનો સુરવાળ પહેર્યાનો નિર્દેશ છે.

■ દોરિયા

ગઢડા પ્રથમ પ્રકરણ ૩૮માં શ્રીહરિએ દોરિયાનું અંગરખું પહેર્યું છે.

દોરિયામાં સૂતર તથા રેશમના તાણાવાણા હતા. દોરિયાના કાપડમાં વપરાતું રેશમ વસ્ત્રને મુલાયમતા અને નરમાશ આપે, જ્યારે સૂતરથી કાપડની મજબૂતી વધે. (એ સમયનાં સુતરાઉ કપડાં પ્રમાણમાં બરછટ હતાં.)

■ રેશમ

ભગવાન સ્વામિનારાયણે ક્યારેક રેશમી વસ્ત્રો પણ ધારણ કર્યાં છે.

ગઢડા પ્રથમ પ્રકરણ ૫૪માં શ્રીહરિએ પાઘ સાથે કસુંબલ રંગનો જરી અને રેશમનો રેંટો ગાતરિયા તરીકે ધાર્યો છે. કારિયાણી પ્રકરણ ૧માં રેશમનું ગાદલું તથા ગઢડા મધ્ય પ્રકરણ ૨માં રેશમના ચાકળા પર શ્રીહરિ વિરાજ્યા છે.

■ મશરૂ/અતલસ

શ્રીહરિએ મશરૂનાં પરિધાન ધારણ કર્યાનો ઉલ્લેખ ક્યાંય મળતો નથી, પરંતુ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯માં તેઓ મશરૂના ચાકળા પર બિરાજમાન થયાનો ઉલ્લેખ મળે છે.

મશરૂના સૂતરના તાણા સાથે નરમ રેશમ/હીરનો વાણો આટાપાટાની

આકૃતિમાં ગૂંથાય છે; જેથી અતલસ જેવી કોમળતા કાપડમાં આવે છે.

કારિયાણી પ્રકરણ ૧માં રાતા મશરૂનાં ઢીંચણિયાં વાપર્યાં છે. જ્યારે વરતાલ પ્રકરણ ૨૦માં રાતા અતલસના છત્ર નીચે વિરાજ્યા છે.

મશરૂ કે અતલસનું કાપડ રેશમ અને સૂતરથી બને છે. સૂતરને તાણા તરીકે, રેશમને વાણા તરીકે વાપરી, સુંવાળી, કોમળ તથા ઉજ્જવળ સપાટીવાળું કાપડ તૈયાર કરવામાં આવે છે, તે એવું સુંદર હોય છે કે જાણે રેશમનું જ છે તેવો આભાસ કરાવે છે.

મશરૂના કાપડમાં સૂતર કે એની મજબૂતી જાણે જોવા જ નહીં મળે. તેમાં ફક્ત ચમકીલી મુલાયમ સપાટી હોય છે. મશરૂની ઓળખાણ એ છે કે એમાં વિરોધાભાસી રંગો અને દરેક રંગની પટ્ટીથી બનતી વૈવિધ્યપૂર્ણ આગવી ભાત હોય છે. મશરૂ ફક્ત દેખાવે રૂપકડું વસ્ત્ર જ નથી; બહારથી સૌંદર્યપૂર્ણ, રંગીન, મુલાયમ રેશમ, ભપકાદાર દેખાવ આપે છે. તો નીચેનું સૂતર પ્રસ્વેદને શોષી લેવા સાથે કાપડના પહેરનારને અંદરથી શીતળતા આપે છે. સામાન્યતઃ વસ્ત્રો બનાવવા માટે જ મશરૂ વપરાય છે, પણ રજાઈ, તકિયા કે પછી સ્ત્રીઓ માટે પાકીટ વગેરે બનાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે.

વચનામૃતમાં પુષ્પ શણગાર

વચનામૃતના પ્રથમ ફકરામાં ભગવાન સ્વામિનારાયણના વસ્ત્ર-પરિધાનની વિગતો ઐતિહાસિક રીતે ટાંકવામાં આવી છે, તેમ તેમણે ધારણ કરેલા પુષ્પ-શૃંગારની વિગતો પણ ભક્તિભાવપૂર્વક નોંધવામાં આવી છે. પુષ્પોમાંથી રોજ રોજ વિધવિધ શૃંગાર કરીને શ્રીહરિને અર્પણ કરનાર એ સંતો-ભક્તોની ભક્તિનો પરિચય પણ આ પુષ્પ-શૃંગારમાંથી મળે છે, તો બીજી તરફ શ્રીહરિની પુષ્પો પ્રત્યેની સ્વાભાવિક રુચિ પણ તેમાંથી પરખાય છે.

શ્રીહરિએ ધારણ કરેલા પુષ્પ-શૃંગારમાં જુદાં જુદાં વચનામૃતોમાં પુષ્પના તોરા, ભુજા પર બાજુબંધ, કાંડા પર ફૂલોના બેરખાં, હાથમાં ગજરા, કાન પર પુષ્પના ગુચ્છ, ગળામાં પુષ્પના હાર વગેરે વિવિધતાભર્યા અદ્‌ભુત શણગારનું વર્ણન છે. તો ક્યારેક ભક્તોની પ્રેમભક્તિને વશ થઈને તેમણે પુષ્પની પછેડીનો શણગાર પણ ધાર્યો છે. વચનામૃતના ક્રમાંકોમાં જ્યાં જ્યાં આ પુષ્પના શણગારની વિગતો છે તેની એક ઝાંખી મેળવીએ.

પુષ્પના તોરા

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૪, ૨૦, ૨૨, ૨૯, ૩૦, ૩૨, ૩૬, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૫૩, ૬૦, ૬૧, ૬૨, ૬૩ (પાઘમાં ગુલાબના તોરા).

સારંગપુર પ્રકરણ : ૧૪.

કારિયાણી પ્રકરણ: ૧૧.

ગઢડા મધ્ય પ્રકરણ: ૨૧ (બીજી કથા), ૨૪, ૨૭, ૩૦, ૩૨, ૪૧, ૪૮,

પર, પ૪, પ૭, ૬૬.
વરતાલ પ્રકરણ: ૩, ૫, ૬, ૧૧.
અમદાવાદ પ્રકરણ: ૧, ૨, ૪, ૫, ૭.
ગઢડા અંત્ય પ્રકરણ: ૩, ૫, ૭, ૯, ૧૧, ૧૪, ૧૫, ૧૮, ૨૨.

બાજુબંધ (ભુજા પર)

વરતાલ પ્રકરણ: ૧, અમદાવાદ પ્રકરણ: ૨, ૪.

ફૂલોના બેરખા (કાંડા પર)

ગઢડા પ્રથમ પ્રકરણ: ૩૦

ગજરા (હાથ પર)

ગઢડા પ્રથમ પ્રકરણ: ૪૯.
વરતાલ પ્રકરણ: ૧.
ગઢડા અંત્ય પ્રકરણ: ૧, ૩, ૫, ૯.

ગુચ્છ (કાન પર)

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૪, ૨૦, ૨૨, ૩૪, ૩૬, ૩૭, ૩૯, ૪૧, ૪૨, ૪૩.
સારંગપુર પ્રકરણ: ૧૪.
ગઢડા મધ્ય પ્રકરણ: ૨૧ (બીજી સભા), ૩૨.
વરતાલ પ્રકરણ: ૫ (બંને કાન પર બે), ૧૧.
અમદાવાદ પ્રકરણ: ૧, ૪, ૬.
જેતલપુર પ્રકરણ: ૩.

પુષ્પની પછેડી

જેતલપુર પ્રકરણ: ૪ (શ્વેત પુષ્પની પછેડી)

પુષ્પનો શણગાર

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૭, ૨૦, ૨૩, ૨૯, ૩૦, ૩૨, ૩૪, ૩૬ અને

૩૭ (પીળાં અને સફેદ), ૩૮ (પીળાં), ૪૦ (પીળાં), ૪૧ (પીળાં), ૪૩ (પીળાં), ૪૯, ૫૩, ૬૧, ૬૩, ૭૫, ૭૮.

સારંગપુર પ્રકરણ: ૧૪.

કારિયાણી પ્રકરણ: ૬.

ગઢડા મધ્ય પ્રકરણ: ૧, ૨૪, ૨૭ (પીળાં અને સફેદ), ૩૦, ૩૨, ૪૧, ૪૮, ૫૨, ૫૪, ૬૧, ૬૬ (રાતી ગુલદાવદી).

વરતાલ પ્રકરણ: ૧ (ગુલાબ), ૨, ૩, ૫ (મોગરો), ૬, ૧૧, ૧૩, ૨૦ (ચમેલી).

અમદાવાદ પ્રકરણ: ૧ (ગુલાબ), ૨.

અમદાવાદ પ્રકરણનાં વધારાનાં: ૪, ૫, ૬, ૭, ૮, ૯.

જેતલપુર પ્રકરણ: ૧, ૩ (બોરસલી, ચંપો, ગુલદાવદી), ૪.

ગઢડા અંત્ય પ્રકરણ: ૧ (મોગરો), ૩ (મોગરો), ૫, ૭ (મોગરો), ૮, ૯, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧ (ચમેલી), ૨૨.

શ્રીહરિની પાઘમાં ઝૂલતા તોરા અને હાર

ભગવાન સ્વામિનારાયણે જ્યારે પાઘમાં પુષ્પના તોરા અને હાર ધારણ કર્યા હશે તેનું દર્શન કેવું દિવ્ય અને અવિસ્મરણીય હશે! તેની સ્મૃતિ કરાવતાં વચનામૃતોની યાદી આ રહી:

ગઢડા પ્રથમ પ્રકરણ: ૪૪, ૫૩, ૬૨, ૬૩ (ગુલાબના તોરા).

કારિયાણી પ્રકરણ: ૧૧ (પાઘમાં પીળાં પુષ્પોના હાર).

ગઢડા મધ્ય પ્રકરણ: ૪૯.

અમદાવાદ પ્રકરણ: ૩.

સામાન્યતઃ ફૂલના હાર શ્વેત પુષ્પના જ હોય છે. જ્યાં પણ સફેદ ફૂલની વાત છે, તે ગુલદાવદી છે. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪માં આ વાત પાકી થાય છે, જ્યાં પરમહંસો કહે છે: *'ધોળું જે સેવતીનું પુષ્પ...'* સેવતી એટલે ગુલદાવદી. અત્રે ઉલ્લેખનીય છે કે વચનામૃત સિવાયના દિવસોએ પરમહંસોએ શ્રીહરિ માટે બાજરી, જુવાર, મકાઈ, શ્રીફળ અને સૂતરની આંટીમાંથી પણ હાર બનાવ્યા છે. સોપારીના બેરખાથી પણ શ્રીહરિને શણગાર્યા છે. (શ્રીહરિચરિત્રામૃતસાગર: ૧૫/૬૦)

નોંધ : જ્યાં પીળાં ફૂલની વાત છે તે કરેણનાં ફૂલ હોવાં જોઈએ. એવાં પીળાં ફૂલ ધારણ કર્યાંનાં વર્ણનો આટલાં વચનામૃતોમાં પ્રાપ્ત થાય છેઃ ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪, ૧૭, ૨૦, ૩૬, ૩૯, ૪૦, ૪૩, ૭૫; સારંગપુર પ્રકરણ ૧૪; કારિયાણી પ્રકરણ ૬; ગઢડા મધ્ય પ્રકરણ ૩૦, ૪૧, ૪૮.

હાથમાં ધારેલ પુષ્પ-અલંકરણો

ભગવાન સ્વામિનારાયણે આ ઉપરાંત પુષ્પોના અલગ અલગ ઉપચારો ધારણ કર્યાના ઉલ્લેખો વચનામૃતમાં વારંવાર નીરખવા મળે છે. ક્યારેક પુષ્પ ઉપરાંત લીંબુ, રૂમાલ, તુલસીની માળા વગેરે ધારણ કર્યાના પણ નિર્દેશો છે. જુઓ તેની વિગતોઃ

ગજરો – ગઢડા પ્રથમ પ્રકરણ ૪૯,
ગુલાબનો મોટો ગુચ્છ – અમદાવાદ પ્રકરણ ૬,
પુષ્પનો ગુચ્છો – ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪,
જમણા હાથમાં સફેદ સેવતીનું પુષ્પ – ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪,
ફૂલોનો દડો – ગઢડા પ્રથમ પ્રકરણ ૩૬.
દાડમ – વરતાલ પ્રકરણ ૧૩, જેતલપુર પ્રકરણ ૩,
લીંબુ – જેતલપુર પ્રકરણ ૧, ૩
રૂમાલ – જેતલપુર પ્રકરણ ૨
તુલસી માળા – ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦, પંચાળા પ્રકરણ ૪, અમદાવાદ પ્રકરણ ૫, જેતલપુર પ્રકરણ ૨.

ફૂલોનું વૈવિધ્ય (જુઓ કલર પૃષ્ઠ ૫)

વચનામૃતોમાં શ્રીહરિએ અંગીકાર કરેલાં ફૂલોનું વૈવિધ્ય પણ નોંધનીય છે. તે વૈવિધ્ય તે સમયના ફૂલછોડની પણ માહિતી આપે છે.

■ ચમેલી

વરતાલ પ્રકરણ ૨૦; અમદાવાદ પ્રકરણ ૩, ૬; જેતલપુર પ્રકરણ ૩.

ચમેલીનાં ફૂલ લગભગ ૨ સે.મી. વ્યાસનાં હોય છે. તે અંગે એનસાઈક્લોપીડિયા એશિયાટિકા(૧૯૭૬:૪૨૦) નોંધે છેઃ *'આ જાતનાં*

ફૂલોમાં સૌથી વિશેષ સુગંધીદાર ફૂલ.'

સુરતમાં ૧૬૮૯થી અઢી વરસ સુધી રહેલા ફાધર જ્હોન ઓવિંગ્ટને નોંધ્યું હતું કે સુરતવાસીઓ રાત્રે પોતાના સૂવાના ઓરડામાં ચમેલીનાં ફૂલ રાખતા.

ચમેલીનો વેલો ચડે છે, જ્યારે એના જ કુળમાં આવતા મોગરો કે ડોલરિયોના છોડ થાય છે.

મોગરો

ગઢડા મધ્ય પ્રકરણ: ૨૧ (બીજી કથા), ૨૪, ૫૪, ૬૧.

ગઢડા અંત્ય પ્રકરણ: ૧, ૨, ૩, ૫, ૭, ૧૩, ૧૫, ૧૬, ૧૯.

ડોલરિયો

જેતલપુર પ્રકરણ: ૧, ૨, ૩.

ડોલરિયો ડોલર કે બટમોગરા તરીકે પણ ઓળખાય છે, જેનું ફૂલ મોગરાના ફૂલ કરતાં થોડું મોટું, ૩ સે.મી. વ્યાસનું હોય છે. સુગંધ તો મોગરા જેવી જ હોય છે, પણ વધારે માદક.

હજારી

જેતલપુરપ્રકરણ: ૩.

ગુલાબ

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૪, ૬૩; વરતાલ પ્રકરણ: ૧, ૩, ૫, ૧૨.

અમદાવાદ પ્રકરણ: ૧, ૨ (આ વચનામૃતમાં તો શ્રીહરિને અત્યંત આલંકારિક પુષ્પના શણગાર ધરાવાયાં છે. પાઘને વિશે ગુલાબનાં પુષ્પના તોરા, કાન ઉપર ગુલાબના બે ગુચ્છ, કંઠને વિશે ગુલાબનાં પુષ્પના હાર, બે ભુજાને વિશે ગુલાબના બાજુબંધ, બે હાથને વિશે ગુલાબનાં પુષ્પના ગજરા... શ્રીહરિ સર્વે અંગે ગુલાબનાં પુષ્પે ગરકાવ બન્યા છે.)

અમદાવાદ પ્રકરણ: ૪, ૫, ૬, ૭, ૮.

અત્રે ઉલ્લેખનીય છે કે વિદેશી ગુલાબની સરખામણીએ ભારતીય

ગુલાબની પાંખડીઓ પૂરી ખીલે છે, અને તેમાં ગુલાબની કુદરતી જ સુગંધ હોય છે.

બોરસલી

જેતલપુર પ્રકરણ: ૩.

ફક્ત અડધો સે.મી. વ્યાસ ધરાવતાં આ ફૂલોની સુગંધ, વચનામૃતના પ્રથમ ફકરામાં વર્ણવેલાં ૯ પ્રકારનાં પુષ્પોમાં સૌથી વધુ માદક, રોચક અને પ્રફુલ્લિત કરનારી કહી છે. સૌથી અગત્યની વાત એ છે કે તે વૃક્ષ પર થાય છે અને પછી ખરી જાય છે. અને લીલા રંગનું બીજ ફૂટી, લાલ રંગનું બોર જેવું ફળ પાકે છે, જે સામાન્ય વર્ગના લોકો ખાવામાં પણ ઉપયોગ કરે છે.

ગુલદાવદી

સેવતીના નામે પણ આ ફૂલ ઓળખાય છે, જે સફેદ, લાલ, પીળા રંગોમાં જોવા મળે છે.

ગઢડા પ્રથમ પ્રકરણ: ૧૪, ૨૨, ૨૬.

કારિયાણી પ્રકરણ: ૧૧ (પીળાં અને રાતાં).

ગઢડા મધ્ય પ્રકરણ: ૨૭, ૬૬ (રાતાં).

જેતલપુર પ્રકરણ: ૧, ૩, ૪.

ચંપો

વરતાલ પ્રકરણ: ૨; જેતલપુર પ્રકરણ : ૩.

ચંપાના ઘણા પ્રકાર છે અને તેના પર આધારિત ફૂલોમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. સફેદ અને સફેદમાં પીળાં, લાલ કે ગુલાબી રંગનું કેન્દ્ર. ચંપાના પ્રકાર પ્રમાણે તેમાં સુગંધ હોય કે ન હોય એવું પણ બને.

– સફેદ ચંપો.

– પીળો ચંપો.

કર્ણીકાર અથવા કરેણ

ગઢડા પ્રથમ પ્રકરણ: ૩૬; ગઢડા મધ્ય પ્રકરણ: ૧૪; ગઢડા અંત્ય

પ્રકરણ: ૧૯; જેતલપુર પ્રકરણ: ૧.

વચનામૃતમાં બે પ્રકારનાં કરેણનાં ફૂલ છે:

એક, ૫ થી ૬ સે.મી. લાંબાં, પીળા રંગનાં, ભૂંગળ આકારનાં, છૂટાં;

બીજું, લાલ કરેણ, ૨ સે.મી. વ્યાસનાં નાનાં લાલ પુષ્પોનું ઝૂમખું.

ગઢડા મધ્ય પ્રકરણ ૧૪માં રાતાં કર્ણીકારનું છોગું છે, જ્યારે જેતલપુર પ્રકરણ ૧માં બે કાન પર કર્ણીકારનાં પુષ્પ છે, જે કદાચ પીળાં કરેણનાં ફૂલ છે.

વિશેષ નોંધ:

૧. પંચાળાની એક પણ કથામાં ફૂલનો ઉલ્લેખ નથી, કદાચ ત્યાં ફૂલોની ખેતી નહોતી થતી અથવા ફાગણ માસને કારણે પૂરતી ગરમીના અભાવે પુષ્પો ખીલતાં નહીં હોય.

૨. લોયાનાં વચનામૃતોમાં પણ પુષ્પોનો નિર્દેશ નથી. લોયાના એ દિવસોમાં સખત ઠંડીનો માહોલ હતો. ગઢડા મધ્ય પ્રકરણનાં વચનામૃતોમાં પણ ઠંડીના દિવસોમાં ફૂલ નથી અને ચૈત્ર માસમાં ફૂલો દેખાય છે, જ્યારે ગરમી શરૂ થઈ ગઈ હોય.

૩. ગઢડા પ્રકરણોનાં વચનામૃતોમાં ગુલાબ ફક્ત બે જ વાર છે. ત્યારના કાઠિયાવાડમાં કદાચ ગુલાબ ઊગતાં નહોતાં. જે બે કથામાં ગુલાબ છે તે પણ બની શકે કે મધ્ય ગુજરાતથી આવેલા હરિભક્તો સાથે લાવ્યા હોય. અન્ય જે કથાઓમાં ગુલાબ છે તે બધાં જ મધ્ય ગુજરાતમાં, વરતાલ અને અમદાવાદમાં જ છે. ખાસ કરીને અમદાવાદ પ્રકરણનાં વધારાનાં વચનામૃત ૪ થી ૮માં જોવા મળે છે, જ્યારે શ્રીહરિએ દરરોજ તોરા, બાજુબંધ, ગુચ્છ કે હાર તરીકે ગુલાબ ધારણ કર્યાં છે.

૪. ડોલરિયો ફક્ત જેતલપુર કથામાં જ આવે છે. કદાચ, ત્યારે એ સૌરાષ્ટ્રમાં ઊગતો નહીં હોય.

૫. તમામ વચનામૃતોમાં એક જ કથા, જેતલપુર પ્રકરણ ૩માં શ્રીહરિએ પુષ્પોના અતિ મનોરમ્ય શણગાર ધર્યા છે. ચંપો, બોરસલી, ગુલદાવદી, ચમેલી, ડોલરિયા અને હજારીનાં એમ ૬ જાતનાં પુષ્પોના શણગાર ઉપરાંત શ્રીહરિના એક હાથમાં લીંબુ અને બીજા હાથમાં દાડમ છે. હરિભક્તો માટે તો આ દિવ્યતમ દર્શન હશે. જીવનભરનું સંભારણું

બની ગયું હશે! અને શ્રીહરિ બોરસલી, ચમેલી અને ડોલરિયાના ફોરમથી મહેકતા હશે.

એટલું જ નહીં, અહીં શ્રીહરિએ એટલા જ વૈવિધ્યપૂર્ણ વિષયો પર કથા કરી છે; જેમ કે, વાસના, નવધા ભક્તિ, ભગવાનના માહાત્મ્યે કરીને ધર્મ, પંચવર્તમાન, પ્રાયશ્ચિત્ત, આત્મનિષ્ઠા, ભગવાનમાં દિવ્યભાવ રાખવો, ભગવાનમાં મનુષ્યભાવ ન પરઠવો, ભગવાનનું કર્તાપણું, ભગવાનની મરજી મુજબ જ વર્તવું, સ્વભાવ ત્યજવા, ભગવાનમાં અખંડવૃત્તિ રાખવી, નિષ્ઠા રાખવી અને પૂર્ણતયા શ્રેષ્ઠ મુમુક્ષુ/હરિભક્તના ગુણોનું પાલન કરવું.

૬. જેતલપુર પ્રકરણ ૧ અને ૩ વખતે શ્રીહરિના હાથમાં લીંબુ શોભે છે તથા વરતાલ પ્રકરણ ૧૩ અને જેતલપુર પ્રકરણ ૩માં હાથમાં દાડમ પણ છે. આ પણ એક રસપ્રદ વાત છે. શા માટે એ ઋતુમાં છૂટથી મળતાં કેરી તથા પપૈયાં જેવાં ફળો નહીં અને લીંબુ અને દાડમ જ શા માટે? શ્રીહરિની પસંદગી પાછળ પણ આ બે કારણ હોવાની શક્યતા હોઈ શકે છે:
   ૧. લીંબુ અને દાડમ ગુજરાતમાં છૂટથી ઊગતાં હતાં (જેતલપુરમાં).
   ૨. બંને ફળો કેરી, પપૈયાં કે અન્ય ફળો કરતાં રોજિંદા જીવનમાં વધુ ઉપયોગી અને આરોગ્યપ્રદ છે.

લીંબુના ગુણધર્મ

વાત, પિત્ત, કફ, ત્રિદોષ, ખાંસી, ઊલટી, પેટમાં ચૂંક, ગળાના રોગ, ક્ષય, ઝાડા, સંધિવા, કૃમિ વગેરેમાં ઉપયોગી. ભૂખ લગાડે, પાચક અને રક્ત શોધક.

– સુશ્રુત સંહિતા, સૂત્રસ્થાન: ૪૬/૭૬

દાડમના ગુણધર્મ

પિત્ત, કફ, ખાંસી, થકાવટ; મોઢાના અને ગળાના રોગ મટાડે, ભૂખ લગાડે, તરસ છિપાવે; તાવ, ઝાડા, ઊલટી, મરડો, મૂત્રરોગ, કૃમિ અને હૃદયરોગમાં ઉપયોગી.

– ચરકસંહિતા, સૂત્રસ્થાન : ૨૭/૧૪૮-૧૪૯

ભારતીય સંવતવર્ષ અને ઋતુચક્ર

આજના મોબાઈલ યુગમાં જીવતા યુવાવર્ગને ધ્યાનમાં રાખીને આ પ્રકરણ ઉમેર્યું છે. કેમ કે હવે નવી પેઢી આપણા પોતાના ઋતુચક્ર અને સંવતથી દૂર થઈ, પશ્ચિમી કેલેન્ડરને જ ઓળખી શકે છે. સામેના પૃષ્ઠ પર મૂકેલું કોષ્ટક ઋતુચક્ર અને મહિનાઓનો સંબંધ સમજવામાં ઉપયોગી થશે.


વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે દરેક ઋતુ પર આધારિત વસ્ત્ર-પરિધાન કર્યાં છે. દા.ત. ઘણી કથામાં બોકાની બાંધવાની વાત છે, કારણ કે માગશર અને પોષના મહિનાઓમાં જ્યારે સખત ઠંડી પડે ત્યારે એ જરૂરી હતું. લોયાની કથા વખતે તો એટલી વધુ ઠંડી હતી કે શ્રીહરિએ ચોફાળ અને પછેડી જેવાં બે ઓઢણિયાં ધારણ કર્યાં હતાં.

૨૭૩ વચનામૃતોમાંથી ૧૬૮ વચનામૃતો તો ઠંડીના દિવસોમાં ઉદ્‌બોધાયાં છે – આસો માસમાં ૧૧, કાર્તિક માસમાં ૨૦, માગશર માસમાં ૩૯, પોષ માસમાં ૪૦, મહા માસમાં ૨૮ અને ફાગણ માસમાં ૩૦ વચનામૃત ઉદ્‌બોધાયાં છે.

વચનામૃતની ૭૨ કથા ચોમાસામાં છે, જ્યારે વાતાવરણ ભલે ભેજવાળું પણ આરામદાયક કહી શકાય એવું હતું. અષાઢ માસમાં ૧૧, શ્રાવણ માસમાં ૩૭ અને ભાદરવા માસમાં ૨૪ વચનામૃત ઉદ્‌બોધાયાં છે.

ઉનાળાની ગરમીના દિવસોમાં ફક્ત ૩૩ કથા છે, જ્યારે શ્રીહરિએ પ્રમાણમાં મુલાયમ અને બારીક વસ્ત્રો ધારણ કર્યાં છે. ચૈત્ર માસમાં ૧૯, વૈશાખ માસમાં ૭ અને જેઠ માસમાં ૭.

ઉનાળામાં ઓછી કથાઓ રાખવાનું કારણ પણ સ્પષ્ટ સમજી શકાય એવું છે. એ સમયે ઈલેક્ટ્રિસિટી હતી નહીં કે જેથી પંખાની સગવડ મળે. એટલે પછી ભલેને દાદાખાચરના દરબારમાં કથા હોય તોપણ મુમુક્ષુઓને કષ્ટ પડે જ.



*અષાઢ સુદ ૧ વિક્રમના આષાઢી નવા વર્ષની શરૂઆત. ગઢડા પ્રથમ પ્રકરણનાં ૭૭ અને ૭૮નાં વચનામૃતોથી આપણને આ વાત સમજાય છે. ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭ દ્વિતીય જેઠ વદિ અમાસ, સંવત ૧૮૭૬નું છે; જ્યારે ત્રણ દિવસ પછી, ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮માં

વિક્રમ સંવત કાર્તિક* સુદ ૧થી શરૂ થાય

નોંધ : વચનામૃત આષાઢી વર્ષ પર આધારિત છે.

શ્રીહરિના શણગારના સ્મરણીય પ્રસંગો

ભગવાન સ્વામિનારાયણે ઉપદેશેલા બોધની સાથે સાથે વચનામૃતના ઐતિહાસિક વર્ણનો પણ વાંચનારના હૃદયમાં શ્રીહરિના શણગારના અદ્ભુત સ્મરણીય દૃશ્યો ખડાં કરે છે. આવો, કેટલાક એવા સ્મરણીય પ્રસંગો પર દૃષ્ટિ કરીએ.

૧. **અમદાવાદ પ્રકરણ ૮ :** શ્રીહરિએ સુંદર શ્વેત રૂમાલ મસ્તક ઉપર બાંધ્યો હતો ને શ્વેત ખેસ પહેર્યો હતો ને ડાબા ખભા પર ખેસ નાખીને કેડ બાંધી હતી ને કંઠને વિષે ગુલાબનો મોટો હાર બિરાજમાન હતો. અને પછી, પંક્તિમાં સર્વે સાધુને લાડુ જમાડતા હતા !
કેટલું અદ્ભુત દૃશ્ય !

૨. **ગઢડા મધ્ય પ્રકરણ ૧૯ :** શ્રીહરિ ગાદીતકિયા ઉપર ઉદાસ થઈને બેઠા તે કોઈને બોલાવે પણ નહીં અને કોઈ સામું જુએ પણ નહીં. અને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તે છૂટીને શિથિલ થઈ ગયો તેને પણ સંભાળે નહીં. એવી રીતે એક ઘડી સુધી અતિશય ઉદાસ થઈને બેસી રહ્યા અને નેત્રમાંથી જળ પડવાં લાગ્યાં.
આંખ સજળ બની ગઈ હોય તેવું વચનામૃતનું આ એકમાત્ર વર્ણન છે. ત્યારપછી શ્રીહરિએ શુષ્કવેદાંતીના શાસ્ત્રકથનને લીધે થયેલા દુઃખની વાત કરી.

૩. **સારંગપુર પ્રકરણ ૯ :** આ કથા સારંગપુર પ્રકરણમાં સમાવિષ્ટ છે, પણ આ જ દિવસે શ્રીહરિ માણકીએ ચઢી કુંડળ ગામ પણ પધારે છે,

ત્યારે ત્યાં અમરા પટગરના ઘરે સભા ભરાય છે.

૪. **સારંગપુર પ્રકરણ ૧૦:** રાત્રિ મુકામ કુંડળ ગામે કર્યા પછી ત્યાંથી નીસરીને શ્રીહરિ રસ્તામાં ખાંભડા ગામે પધારે છે, જ્યાં પીંપરના વૃક્ષ હેઠે સભા ભરે છે.

૫. **કારિયાણી પ્રકરણ ૧૦:** શ્રીહરિના શરીરમાં કાંઈક તાવ જેવું જણાતું હતું. ...પછી, મુક્તાનંદ સ્વામીએ નાડી જોઈને કહ્યું જે, 'હે મહારાજ! કસર તો બહુ છે.' આમ, નાદુરસ્ત તબિયત હોવા છતાં, માંદગીમાં વિચાર પણ ન આવે તેવી અદ્ભુત વાત કરતાં શ્રીહરિ કથામાં કહે છે કે 'દેવલોક, બ્રહ્મલોક અને વૈકુંઠાદિક લોકનાં ભોગસુખ તે નથી જોઈતાં... ને બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપમાં જઈને જે તપ કરીને ભગવાન રાજી કરવા છે... સહસ્ર જન્મ સુધી પણ તપ કરીને જ ભગવાનને રાજી કરવા છે.'

દેહભાવનો કેટલો બધો અભાવ તથા કેટલી દૃઢ આત્મનિષ્ઠા!

૬. **ગઢડા મધ્ય પ્રકરણ ૨૨:** શ્રીહરિ અર્ધરાત્રિને સમે જાગ્યા અને સભા કરી! કથા કરવાનો કેટલો ઉમંગ!

૭. **ગઢડા મધ્ય પ્રકરણ ૪૦:** શ્રીહરિ પોતાનું દેવાર્ચાનાદિક નિત્યકર્મ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરતા હતા. તે દિવસે તો પોતે પ્રતિદિન કરતાં એક દંડવત્ પ્રણામ અધિક કર્યો. તેને જોઈને શુકમુનિએ પૂછ્યું જે, 'હે મહારાજ! આજ તમે એક અધિક પ્રણામ કેમ કર્યો?'

શ્રીહરિનો પ્રત્યુત્તર જ તે દિવસની કથાનો વિષય બની રહ્યો કે '...ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને નથી થતું... તેનો દોષ-નિવારણ કર્યા સારુ એક દંડવત્-પ્રણામ અધિક કર્યો.'

આમ, સવારે નિત્યપૂજામાં એક અધિક, છઠ્ઠો દંડવત શરૂ કર્યાનું શ્રેય શ્રીહરિને જાય છે. તે દિવસ હતો – આસો વદ ૩, સંવત ૧૮૮૦, તા. ૨૨ ઓક્ટોબર ૧૮૨૩.

૮. **ગઢડા મધ્ય પ્રકરણ ૧૪:** શ્રીહરિ તિલક-ચાંદલો તો કરતા જ હોય,

પણ આજ રોજ સુંદર કુંકુમનો ચાંદલો ભાલને વિષે શોભાયમાન હતો, તેની સંપાદકોએ વિશેષ નોંધ કરી.

૯. **ગઢડા મધ્ય પ્રકરણ ૨૪, ૩૯, ૫૪; ગઢડા અંત્ય પ્રકરણ ૩૬:** શ્રીહરિ દાદાખાચરના દરબારમાંથી નીકળી માણકીએ ચઢી લક્ષ્મીવાડીએ પધાર્યા અને ત્યાં જ સભા ભરે છે.

૧૦. **ગઢડા મધ્ય પ્રકરણ ૩૫:** શ્રીહરિ જારની ખાણ ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા છે અને સભા ભરાય છે. આમ કેમ બન્યું હોય? વિચારતાં એમ જણાય છે કે દાદાના ખેતરમાંથી જાર તૈયાર થઈને આવી ગઈ હોય અને ખાણ ભરી હોય, જેને અન્ય જગ્યાએ ખસેડવા પૂરતો સમય ન રહ્યો હોય. અને હરિભક્તોને સ્મૃતિ આપવા માટે જ દરબારમાં અન્ય સ્થાને જવા કરતાં અહીં જ જારની ખાણ પર શ્રીહરિ વિરાજ્યા.

૧૧. **વરતાલ પ્રકરણ ૫:** આ વચનામૃત એક ખૂબ જ રસપ્રદ પણ વિરોધાભાસી ઘટનાનું સાક્ષી છે. શ્રીહરિ પરમહંસોને કહે છે: 'વાંકડા વાંકડા પ્રશ્નો કરો જેથી સૌનું આળસ ઊડી જાય.' એમ કહીને પછી પોતે તો પડખાભર થયા. પણ જેવો મુક્તાનંદ સ્વામીએ અઘરો (કઠણ) પ્રશ્ન પૂછ્યો કે પોતે પોઢ્યા હતા તે તરત બેઠા થઈ ગયા! કેવી અકળ લીલા! વળી, જ્યારે પોઢ્યા હશે ત્યારે હાર પણ સરકીને એક બાજુ ભેગા થઈ ગયા હશે!

ભગવાન સ્વામિનારાયણે એક પણ વચનામૃતમાં કેડિયું, જામો કે મુગટ નથી પહેર્યાં. તેઓ એમનાં સાદાં શ્વેત વસ્ત્ર-પરિધાન થકી જ બધાનું ચિત્ત હરી લેતા.

પરિશિષ્ટ-૧

૧૯મી સદીમાં પ્રચલિત વસ્ત્રોના પ્રકાર

ચોફાળ: ચો + ફાળ = ચાર ટુકડા. ચોફાળ એટલે કાપડના ચાર મોટા એકસરખા ટુકડાને એકસાથે સીવી લઈ, બનાવાતું ઓઢવાનું જાડું વસ્ત્ર. આજે પણ ઠંડી ઋતુમાં ખેડૂતો એનો ઉપયોગ કરે છે. ખેતરે ગયા હોય તો ચોફાળ પાથરી એના પર સૂઈ જાય અને જરૂર પડ્યે અનાજ-શાકભાજી કે ઘાસની ગાંસડી બાંધવામાં પણ તેનો ઉપયોગ કરાય છે.

જગન્નાથી: સાફો કે પાઘ બનાવવામાં વપરાતાં બારીક સૂતરમાંથી જ બનાવાતું ૧૦, ૧૨ કે ૧૫ હાથ લાંબું વસ્ત્ર.

મોળિયું: આ સાફાનો જ એક પ્રકાર છે, પણ બાંધવાની રીત અલગ છે. એક છેડો કાન ઉપર બાંધી, કપાળ અને આંખના નેણ ઉપરથી આંટો લઈને પાછળ ખોસવામાં આવે છે. આંખ અને કપાળ પર આંટો લેતાં કાપડની કોર સામાન્યતઃ ચમકીલી કે ભરત ભરેલી - શણગારેલી હોય છે.

તે સમયે વિવાહ સંસ્કાર વખતે એવો રિવાજ હતો કે વરના પિતાને માથે મોળિયું બાંધવામાં આવતું.

પછેડી: ટૂંકા ધોતિયા તરીકે વપરાતું, કાપડના બે ટુકડા જોડે સીવીને બનાવેલું વસ્ત્ર.

પાણકોરું: એક જાતનું જાડું કાપડ, જેમાં એક તાણા સામે બે વાણા હોય છે.

પન્યુ: સાંધા વગરનું, બારીક ટૂંકું વસ્ત્ર, જેને સૌરાષ્ટ્રમાં પન્યુ કે પંચિયું કહે છે, જેની લંબાઈ આશરે ૪ હાથ હોય છે (૪ હાથ = ૨.૫ મીટર) અને પહોળાઈ આશરે ૨ હાથ (૨ હાથ = ૧.૨૫ મીટર). (એક હાથ એટલે, ૧ હાથ + ૪ આંગળી અથવા ૨૪ તસુ અથવા ૧ ગજ).

•

(**નોંધ : કસુંબલ રંગ** – ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩માં આ શબ્દ છે, જે કસુંબા શબ્દ પરથી આવ્યો છે. એ સમયના કાઠિયાવાડમાં અફીણ પીવા-પાવાનો રિવાજ હતો. અફીણને દસ્તાની મદદથી ખરલમાં ખૂબ ઘૂંટતાં-ઘૂંટતાં જે બને તે કસુંબો. તેનો રંગ લાલાશ પડતો ઘેરો વાદળી હોય છે.)

પરિશિષ્ટ-૨

પરમહંસોનાં કીર્તનમાં ફૂલો

- *ગોવિંદ થારા ગજરા દેખ, ભૂલ ગઈ કજરા...* (૩૦૨)[૧]
- *સલૂણા થાને સેવતીરો, સેહરો ધરાવું...* (૩૦૪)
- *સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું ધર્મકુંવરનું,*
  મોતીડે મોળિયું સુંદર, મોતીડે મોળિયું, રસિક સુંદરનું...૧ (૩૧૦)
- *ફૂલના પેરી રે, જામા ફૂલના પેરી,*
  ફૂલ્યો રસિક સુજાણ, જામા ફૂલના પેરી... (૧૫૦)
- *ફૂલડાં ધારી રે, અંગે ફૂલડાં ધારી,*
  શોભે શામળિયો સુજાણ, અંગે ફૂલડાં ધારી... (૧૫૧)
- *ફૂલડે ગરકાવ ફૂલ્યા, ફૂલડે ગરકાવ ફૂલ્યા, આવો ડોલરિયા,*
  અત્તરની ફોરમાં પ્યારા અત્તરની ફોરમાં રે, ભીના રંગ ભરિયા... (૩૧૩)
- *દિલદાર છટા દ્રગ અટક રહી, નટવર હરિ પ્યારે સાંવરિયા...* (૩૫૮)
- *છબિ અજબ બનિ હરિ યારનકી, યારનકી ભવતારનકી...* (૩૬૨)

---

૧. કૌંસમાં આપેલ આંકડા કીર્તન મુક્તાવલી(૧૧મી આવૃત્તિ, ૨૦૦૦)માં કીર્તનના ક્રમાંક નંબરો દર્શાવે છે.

આભાર સ્વીકાર

ભગવાન સ્વામિનારાયણનો આભાર, જેમણે કૃપા કરીને વચનામૃતો અને ગુરુપરંપરા થકી વચનામૃતનો મર્મ અને મહિમા સમજાવ્યો. લેખક આ બધાનો પણ આભારી છે :

- સાધુ ઈશ્વરચરણદાસ, જેમણે આ પુસ્તિકા લખવાની આજ્ઞા કરી તથા વિચારબીજ આપ્યું.
- સાધુ પ્રણવતીર્થદાસ (મુંબઈ) અને શ્રી ફ્રેદુન મેધોરા તથા શ્રી આર. ઝુનઝુનવાલા (મુંબઈ), જેમણે ભારે-ભારે વસ્ત્રોના નમૂના પૂરા પાડ્યા. ભરત-ગૂંથણ અને તે સમયમાં પ્રચલિત છાપકામવાળા વિષે માર્ગદર્શન આપ્યું.
- રંગીન પૃષ્ઠોમાં શ્રીજીમહારાજના ઉત્સવમૂર્તિના ડગલી, છીંટની કલાગીરીમાં સાધુ શ્રીજીસ્વરૂપદાસ, સાધુ પ્રેમવદનદાસ અને સાધુ વિશુદ્ધજીવનદાસ, જેમણે શ્રીજીમહારાજની ઉત્સવમૂર્તિ શણગારી આપી. (કલર પૃષ્ઠ ૪)
- પ્રૉ. ડૉ. અશ્વિનભાઈ ઠક્કર (હેડ, ડિપાર્ટમેન્ટ ઑફ ટેક્સટાઇલ એન્જિનિયરિંગ, એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ), જેમણે પુસ્તિકાના સંદર્ભમાં જરૂરી માહિતી પૂરી પાડી.
- શ્રી દર્શનભાઈ પટેલ (ફ્લોરિસ્ટ), જેમણે ગુલદાવદી કમોસમે પૂરી પાડી.
- શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ ખાતે ફૂલમંડળીએ જરૂરી પુષ્પ-શણગાર ગૂંથ્યા. (કલર પૃષ્ઠ ૪)
- શ્રી સોન્ડાભાઈ ચૌહાણ, જેમણે છીંટની ડગલી સીવી આપી (કલર પૃષ્ઠ ૪).
- શ્રી ઉત્કર્ષ મોદી તથા શ્રી હર્ષદ વડોદરિયા, જેમણે ફોટોગ્રાફી કરી આપી.
- પૃષ્ઠ ૩, ૪, ૫, ૭ અને ૧૧ પરનાં ચિત્રાંકન માટે શ્રી ફતેહસિંહ વાળા, ગઢડા, જેમણે ૧૯૯૯માં વચનામૃત હેન્ડબુક માટે તે ચિત્રો દોરી આપેલાં.
- આ પુસ્તિકાના પ્રકાશનમાં મહેનત કરી પોતાનો ફાળો આપનાર ગુજરાતી ડી.ટી.પી. સ્ટાફ, ડિઝાઇન સ્ટુડિયો અને સ્વામિનારાયણ અક્ષરપીઠનો.
- સ્વ. શ્રી બી. જી. વાઘેલાનું પુસ્તક 'ભગવાન સ્વામિનારાયણનું સમકાલીન લોકજીવન'(૧૯૮૮)માંથી ભગવાન સ્વામિનારાયણના વસ્ત્ર-પરિધાનની અને વસ્ત્રોના પ્રકારની ઘણી-બધી માહિતી માટે તેમનો ઋણી છું.

– સાધુ મુકુંદચરણદાસ

Bibliography

Balfour, E. (1976). *Encyclopaedia Asiatica.* Vols.II & V (1858). New Delhi: Cosmo Publications, rpt.

Dave H.T. (2003). *Bhagwan Shri Swaminarayan.* Vols.II & V . Amdavad, Swaminarayan Aksharpith.

Dave, K. (1984). *Swaminarayan Chitrakala.* Amdavad.

Devluk, N.B. (1970). *Bruhad Gujaratni Asmita.* Bhavnagar: Yogesh Advertising Service (Gujarati).

Forbes, W.J. (1982). *The Textile Manufactures & Costumes of the People of India.* Varanasi: Indological Book House, rpt.

Gaudani, H. *Gujaratnu Bharatkam.* In *Devluk.*

Irwin, J. and M. Hall. (1973). *Indian Embroideries.* Vol.II. Amdavad: Calico Museum of Textiles.

Mehta, R. (1960). *Handicrafts and Industrial Arts of India.* Bombay: Taraporevala Sons & Co.

Mukundcharandas, Sadhu. (2007). *Vachanamrut Handbook (Insights into Bhagwan Swaminarayan's Teachings).* Amdavad: Swaminarayan Aksharpith.

Parmar, K. *Gujaratma Saurashtrana Lokbharatni Shobhanbhato ane Bharat Parampara ni Endhani.* In Devluk.

Patil, R.K. (1956). *Gold and Silver Thread Industry of Surat.* Surat: Chunilal Gandhi Vidyabhavan.

Rathor, R. (1958). *Kachchh Sanskruti Darshan.* Amdavad: Kumar Karyalay.

Rawlinson, H. G. (1929). *A Voyage to Suratt in the year 1689, by J. Ovington.* London: Oxford University Press.

Sevak, L. (1974). *Textile Design.* Amdavad: Lakshmiprasad Sevak.

Vaghela, B.G. (1988). *Bhagwan Swaminarayan nu Samkalin Lokjivan.* Amdavad: Swaminarayan Aksharpith (Gujarati).

Wakhatchand, M. (1974). *Amdavadno Itihas.* (1851). Amdavad: Gujarat Vidya Sabha, rpt.

શાસ્ત્રો

ભગવાન સ્વામિનારાયણનું વચનામૃત

હરિચરિત્રામૃતસાગર

હરિલીલામૃત

ચરક સંહિતા

સુશ્રુત સંહિતા

ભગવાન શ્રી સ્વામિનારાયણના વસ્ત્ર-પરિધાનનો મહિમા ગાતું,
સંતકવિ મંજુકેશાનંદ સ્વામી દ્વારા રચિત કીર્તન

કિનખાબની ડગલી પેરી રે સહજાનંદ સ્વામી,
સુરવાળમાં નાડી હીર કેરી રે,

માથે મોળિયું નૌતમ ભાળી રે,
મોટી ભવની વેદના ટાળી રે.... ૧


કેડે રેંટો કસુંબી શોભે રે,
જોઈ મનડું મારું લોભે રે.... ૨

ખભે ધોતી અતિ રૂપાળી રે,
હાથે સોટી છે ફૂમકાવાળી રે.... ૩

ભવ બૂડતાં ઝાલ્યો મારો હાથ રે,
મંજુકેશાનંદના નાથ રે.... ૪

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું ખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. ાક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન રીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક દરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, ાંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. ાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. સંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી ારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. ામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ પી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા ૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો કોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો ને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની જ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે સ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200

વચનામૃત

દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઊતારીએ...

Vachanamrutma
Bh.Swa.Vastra Pandhan USD 0.50
1 5 8 6 4
B G 3 6 4
ISBN: 978-81-7526-945-3

स्वामिनारायण
BAPS